જા.નં.પીબી/ ૪૨૩૯ /૨૦૨૨

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
માર્ગ અને મકાન વિભાગ,
સ્મિથ બંગ્લો, ઓફિસર કલબની સામે,
કોલેજ રોડ, ભુજ-કચ્છ
તારીખ ૨૯ /૦૭/૨૦૨૨

પ્રતિ,
જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેક્ટરશ્રી,
કચ્છ-ભુજ.

વિષય:- હાજીપીર થી દેશલપર સુધીના રોડને પહોળો અને મજબુત કરવા અર્થે વપરાશમાં જતી જંગલ જમીનની સામે મોજે: ત્રાયા, તા: માંડવી, જી:કચ્છ ની જમીન વળતર વનીકરણ અર્થે ફાળવવા બાબત. **(Total Ha: 9.6194, Proposal No:FP/GJ/ROAD/154585/2022)**

સંદર્ભ: ૧) અત્રેની કચેરીના પત્ર જા.ન/પીબી/૨૨૧૪/૨૦૨૨ તા.૩૦/૦૪/૨૦૨૨
૨) અત્રેની કચેરીના પત્ર જા.ન/પીબી/૨૨૧૫/૨૦૨૨ તા.૩૦/૦૪/૨૦૨૨

સવિનય જણાવવાનુંકે, માર્ગ અને મકાન વિભાગ, ભુજ-કચ્છ દ્વારા દેશલપર થી હાજીપીર સુધીના રોડનું મજબૂતિકરણ તેમજ પહોળો કરવા અર્થેની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. પ્રસ્તુત કામગીરી અર્થે નાયબ વનસંરક્ષકશ્રી, કચ્છ પશ્ચિમ વન વિભાગ-ભુજ અને બન્ની ગ્રાલેન્ડ વિભાગના કાર્યક્ષેત્ર હસ્તકની અનુક્રમે મોજે: નરા, તા: લખપત, અને મોજે: હાજીપીર, તા: ભુજ ખાતે અનુક્રમે હે. ૬.૪૨.૧૦ ચો.મી. અને હે. ૩.૧૯.૮૪ ચો.મી. જેટલી જંગલ જમીનનો બિનજંગલકિય કામગીરી અર્થે ઉપયોગ થનાર છે. પ્રસ્તુત દરખાસ્તના પ્રપોઝલનં **FP/GJ/ROAD/154585/2022** થી પરીવેશ પોર્ટલ પર અપલોડ કરેલ છે. પ્રસ્તુત દરખાસ્તમાં બંને ફોરેસ્ટ ડિવિજનમાં અલગ અલગ માંગણીવાળા વિસ્તાર માટે અત્રેની કચેરીના સંદર્ભપત્ર-૧ અને સંદર્ભપત્ર-૨થી વળતર વનીકરણ અર્થે દેવાની થતી જમીન માટે. મોજે: ત્રાયા, તા:માંડવી, જી:કચ્છ ખાતે એકબીજાને અડીને આવેલ પેચ સુચીત કરેલ હતા. પરંતુ પ્રસ્તુત વન જમીનની માંગણીવાળી પ્રપોઝલ સીંગલ પ્રપોઝલ નં થી રજીસ્ટર્ડ થયેલ હોય પ્રસ્તુત પ્રોજેક્ટ માટે સંયુક્ત હે. ૯.૬૧.૯૪ ચો.મી. વિસ્તાર જમીન મોજે ત્રાયા, તા:માંડવી, જી:કચ્છ સુચિત કરેલ છે. જે નજીકના જંગલ વિસ્તારની અડીને જ આવેલ છે. જેથી અત્રેની કચેરીની સંદર્ભપત્ર-૧ અને ૨ વાળી અરજી રદ ગણી પ્રસ્તુત અરજી મુજબ ઉક્ત જણાવ્યા મુજબની જમીન જંગલ ખાતાને ફાળવવા અર્થે વિધિસરની કાર્યવાહી આપની કક્ષાએથી હાથ ધરવા વિનંતી છે. સુચીત જમીનના જી.પી.એસ કોર્ડિનેટ સાથેનો નકશો આ સાથે સામેલ છે. જે જાણ થવા વિનંતી છે.

બિડાણ - ઉપર મુજબ

કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન વિભાગ
ભુજ-કચ્છ